

# ગુણાતીત જ્યોત






બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.


વર્ષ ૫૧, અંક : ૧૧, તા.૨૧મી નવેમ્બર, ૨૦૨૧, સંવત - ૨૦૭૮ કારતક વદ - ૨, રવિવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



૧૫/૧૨/૯

સ્વામીશ્રીજી

ગુણાતીત સમાજના ઇષ્ટ
શ્રી અક્ષર પુરુષોત્તમ મહારાજ

હે મહારાજ ! હે સ્વામી
હે પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપો
તમારા આજ્ઞા સ્વરૂપમાં વર્તતા
દિવ્ય કુટુંબ આજ્ઞા વધુ નર ને પાળીએ
કરી તેજ યથાર્થ પાત્રતા કેળવાય ને
અનુવૃત્તિ સ્વરૂપવાળા દિવ્યતાને ઉમેરો
યથાર્થ સહજ નિર્લેપ ભાવના
અનુવૃત્તિના સ્ફુરણા ને ભાવના
પ્રેરણા પ્રમાણે ૧૦૦ ટકા વરતે.
તેવું દર્શન અધિકૃત જીવવાનું
બળ મળે તેવી કૃપા કરો તેવી પ્રાર્થના

પપ્પા.




# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ  પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

### સંજીવની મંત્ર : ૯

આપણે જ્યારે નામ, નાત, જાત છેક પ્રકૃતિપુરુષ સુધીનું જે આપણું ગણાય તે સળગાવી, રાખ કરી, તેના સિંહાસન ઉપર બિરાજી આ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે તો આપણે ખોવાનું શું છે ? તે ડરો છો ? – પપ્પા



### શ્રીજી રસામૃત :–

...જ્યારે ભગવાન મનુષ્યના જેવા પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહીં, એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય.

(વચ.ગ.મ.૧૦)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :–

...જે નિશ્ચય રહે એ જ એકાંતિકપણું છે ને એ જ રહેવાનું. તે જેમ ચિંતામણી રહી ને બીજું સર્વે ધન ગયું; પણ કાંઈ ગયું નથી ને ચિંતામણી ગઈ ને બીજું ધન સર્વે રહ્યું; તો પણ કાંઈ રહ્યું નહીં. તેમજ એક નિશ્ચય રહ્યો તો સર્વે રહ્યું ને અંતે એ જ રહેવાનું છે.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૨૦૪મી વાત)



### દિવ્યામૃત :–

કોઈપણ પ્રસંગ બને તો વઢવેડ, ધોખા–વાંધા કર્યા વગર પોતાનો દોષ જોઈ રાંકભાવે પ્રભુને પ્રાર્થના કરવી. પણ સંબંધવાળા વિશે ભાવફેર ના કરવો. મહિમા સમજી અંતર્દષ્ટિ કરીશું તો પ્રસંગથી પર થઈ જઈશું. સામા વિષે અભિપ્રાય નહીં બંધાય. અંતર શુદ્ધ રહેશે.

### અનુક્રમણિકા


| અનુક્રમણિકા | પાન નં. |
|---|---|
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| સ્વાધ્યાય સંદેશ... | ૩ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ |
| પ.પૂ.જસુબેનના સ્વરૂપાનુભૂતિદિને... | ૫ |
| સત્સંગ સમાચાર... | |
| શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના પ્રાગટ્યદિનની ઉજવણી... | ૬ |
| દીપોત્સવી પર્વોની ઉજવણી... | ૯ થી... |



# પપ્પાજીની પરાવાણી...

**આપણે સૌએ ભગવાન આગળ-પાછળ ફરતા થઈ જાય એવું કરવું છે. કાળ, કર્મ, માયાનો કાયદો આપણા ઉપરથી ઊડી જાય તે કરવું છે.**

આપણને આ સાધુ સ્વરૂપોની મોટી પ્રાપ્તિ થઈ છે. આપણે એકાંતિકપણું સિદ્ધ કરી, દુઃખના લેશ વગરનું સુખ ભોગવતા થવું છે. એ મોટામાં મોટો આપણો આદર્શ છે. દેહ છતાં સુખ લેવું. મર્યા પછી પામવાની વાત નહીં. બહુ કલીયર કટ માનજો. **આપણે એવા મોટા સંતો સાથે મૈત્રી કરી દઈએ.** મનુષ્યભાવ કદીય લાવવાનો જ નહીં. તેમનું બધું જ દિવ્ય માનશો તો તમે પામી જશો. સાથે સાથે – **'પ્રભુના સંબંધવાળાને બહુ મોટા માનીને સેવવા.'** આટલું કરો એટલે તમારી સાધના થઈ ગઈ પૂરી.

કોઈ પૂછે તમે શું સાધના કરો છો ?

ગીતાજીમાં કહ્યું તેમ 'અખંડ ભગવાનધારક મોટેરા સંતસ્વરૂપો કહે તેમ કર્યા કરીએ છીએ. એ અમારી સાધના છે.'

પરિણામ શું આવશે ?

'તેમના વચને સાધના કરવાથી અમારું જગત ખોટું થઈ જશે. વિષયમાં મન નહીં રહે તેવો વૈરાગ્ય ઉદય થશે.'

હવે આપણે આ માટે શું કરવું ?

તો તેઓ જે કહે તે, મનમાં બેસે કે ના બેસે, પણ શ્રદ્ધા રાખીને, ખપ રાખીને, વચન પાળવા તરફ ધ્યાન રાખવું. ક્યારેક એવું વચન હોય તે ના મનાય, બળમાં ના રહેવાય. પણ ખપ રાખ્યો હોય તો, ભીડો પડે તોય વચન પાળવાનું તાન રહે. આપણે જોઈએ છીએ કે ડૉક્ટર થવું હોય કે એવી કોઈ ઊંચી પદવી મેળવવી હોય તો એ લોકો કેટલો ભીડો વેઠે છે ? તો હું આટલો ભીડો વેઠીશ તો મને અક્ષરધામના સુખની પ્રાપ્તિ થવાની છે. એમ માની દેહભાવ સાથે ભળ્યા વિના આજ્ઞા પાળી લઈએ. ખરેખર આપણને પ્રાપ્તિ ખૂબ મોટી થઈ છે. પ્રકૃતિપુરુષથી પરના ભગવાન, એને અખંડ ધારી રહેલાં બા, બેન, જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન... વગેરે આપણા માટે આપણા જેવા થઈને વર્તે છે. એવા સ્થિતિવાળાં બહેનો મળી ગયાં. ને આપણું કામ થઈ ગયું. બસ એમની આજ્ઞામાં ટુક ટુક વર્તીએ. મનુષ્યભાવ ક્યારેય ના આવે તેવું વર્તીએ. અભાવમાં ના પડીએ ને આનંદપૂર્વક જીવન જીવીએ તો એની મેળે જગત ખોટું થઈ જશે. માહાત્મ્યેયુક્ત સેવા કરવાથી સ્થિતિને પામી જવાશે.

માહાત્મ્ય એટલે શું ?

તો તેના સંબંધવાળામાં દિવ્યભાવ. અહોહો કેવા મોટા છે ! તેમ દિલથી માની તેમની સોંપેલી સેવા કરીએ કે 'આ સેવાથી મારા પ્રકૃતિ-સ્વભાવ બદલાઈ જાય એવી તેમાં શક્તિ છે !' એમ મહિમાથી સેવા કરીએ. કરોડો રૂપિયા આપતાંય ભગવાન વશ ના થાય તે આટલી સેવાથી રાજી થઈ જશે. સેવા મૂકવી નથી ને ગમ ખાવી છે. ગમ ખાવાથી બળ મળી જાય. બળ મળતાં સુખ, શાંતિ વધશે... (તા.૨૨.૫.૧૯૭૪)



## પ.પૂ.જસુબેનના સ્વરૂપાનુભૂતિદિને...

૫ ડિસેમ્બર, ૧૯૬૨ના પ.પૂ.જસુબેનને ગુરુહરિ પપ્પાજી પોતાના કલ્યાણદાતા મનાયા ને અંતરના ઉંડાણથી પ્રાર્થના વહેવા લાગી કે, 'હે પપ્પાજી! તમે જેવા છો તેવા ઓળખાઈ જાવ ને !' ને આતમા ને દેહ નોખા થઈ ગયા... પ્રભુને પામવાની ઘેલછાથી સત્વરે ધ્યેય સિદ્ધ કરી ગુણાતીત ભાવને પામી અનેકનાં રાહબર બન્યાં એવાં જસુબેનના સાંનિધ્યે જે ધ્યેયલક્ષી પરાસત્યો મળી રહ્યાં છે તેનું આચમન કરીએ.

★ એકવાર પ.પૂ.જસુબેન પધરામણીએ જતાં હતાં. નીકળવાનો સમય થઈ ગયો હતો. પણ વાહન આવ્યું નહોતું. થોડાં બહેનો ત્યાં હતાં. તો એક બેન કહે, 'ગાડી મોડી આવી તો અમને તમારાં દર્શન અને વાણીનો લાભ મળ્યો.'

પ.પૂ.જસુબેન કહે, 'લાભ દેવાવાળા તો આપવા તૈયાર છે પણ લેવાવાળાને લેતા આવડવો જોઈએ. જ્યારે ખરેખર સ્વરૂપો લાભ આપવા આવે, દેહભાવનું દર્શન કરાવે ત્યારે ભાગવાનો રસ્તો નહીં શોધતાં. આવેલી તકનો લાભ લઈ લેશો તો તંત્ર દિવ્ય બની જશે.'

★ એક વખત પ.પૂ.જસુબેનના સાંનિધ્યે જ્ઞાનગોષ્ટિ ચાલતી હતી. એક બેન ઉદાસ થઈ શાંત બેઠાં હતાં. તેમને જોઈને પ.પૂ.જસુબેન સહજ બોલ્યાં કે, 'અહીં તો જ્યાં જુઓ ત્યાં પપ્પાજીએ સાકર પાથરી છે. પ્રભુમાં રહો. દેહભાવ કે દેહમાં ભળો નહીં. જે કંઈ દુઃખી કરે તે સ્વભાવ ગુરુહરિ પપ્પાજીના ચરણે ધરી દ્યો. હળવા રહો.' આ તેમની અંતરની પરાવાણી સાંભળીને એ બેન આનંદમાં આવી ગયાં. આમ તેમના વાણીપ્રસાદમાં ઉદાસીનતા ટળી ગઈ.

★ એકવાર જસુબેનના સાંનિધ્યે સેવાની વાત ચાલતી હતી. તેમાં સ્વ કર્તાપણાનું જસુબેનને દર્શન લાગ્યું. તો ધીમે રહીને કહે, 'હંમેશા યાદ રાખવું કે આપણે તો નિમિત્ત છીએ. પ્રભુ પ્રેરણા કરે તેટલું જ કરી શકીએ છીએ. એટલે કોઈ સેવા કર્યાનું જાણપણું ના રાખવું. દરેક સેવા ગરજુ થઈ, રાંકભાવે નિર્માની થઈને કરવી જેથી ૧૦૦% માર્કસ મળે.' આમ સાચી સૂઝ આપી.

★ એક મુક્તરાજે જસુબેન પાસે પોતાના મનની ઈચ્છા વ્યક્ત કરીને કહ્યું કે, 'જસુબેન અમને તમારા માટે વર્લ્ડસ બેસ્ટ વસ્તુ જ ગમે.'

જસુબેને પણ કહ્યું કે, મને પણ તમારા માટે એવું જ રહે છે કે, 'આવા સર્વોપરી પપ્પાજી મળ્યા છે, તો વર્લ્ડસ બેસ્ટ મહામાનવ બની જઈએ તો પપ્પાજી કેટલા રાજી થઈ જાય !'

★ એકવાર જસુબેન લીમડાનો રસ પીતાં હતાં. તેમને એક બહેને પૂછ્યું કે, 'કડવો લાગે છે ?' તો જસુબેન કહે કે, 'તમે મૂંઝાવ એ વધુ કડવું લાગે છે. આ બધા હેવા દુઃખરૂપ છે. તે જલદી મૂકી દઈને નવા સોપાન સર કરતાં જાવ. ને પ્રભુનું સુખ લ્યો.'

આવી અનંત પ્રકારની સૂઝ આપી આત્માની પ્રભુ તરફની યાત્રા આગળ વધારનાર જસુબેનને અંતરથી પ્રાર્થના છે કે ભક્તિરૂપ જ ક્રિયા કરવાનું બળ આપજો.

## સત્સંગ સમાચાર

## તા.૨૦.૧૦.૨૦૨૧ : શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના પ્રાગટ્યદિનની ઉજવણી...



પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેનના સાંનિધ્યે શરદપૂનમ શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના પ્રાગટ્યદિનની ઉજવણી કરી. સૌ પ્રથમ આવાહ્‌ન શ્લોકથી સભાનો પ્રારંભ કરી, ઠાકોરજી, સ્વામીશ્રી, ગુરુહરિ પપ્પાજીને હાર અર્પણ કરી ભક્તિભાવ ધર્યા.



પ્રથમ આરતી બાદ ડૉ.વીણાબેનનો લાભ લીધો. વીણાબેને સ્વામીશ્રીના પ્રસંગોની સ્મૃતિ કરાવી રહસ્ય સમજાવ્યું કે, આપણા માટે સ્વામીશ્રી આદર્શ છે. ગુણાતીત સમાજમાં સ્વામીશ્રી અને ગુણાતીતભાવની અગત્યતા કંઈક જુદી જ છે. પપ્પાજી હંમેશા ગુણાતીતભાવ પર વાત કરતા. અક્ષરપુરુષોત્તમની ઉપાસનામાં બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવા કરવી એ અગત્યનું છે.



ગુરુહરિ પપ્પાજીએ તેમનું પોતાનું બધું જ શ્રી યોગીજી મહારાજને અર્પણ કરી દીધું. પોતાનું નામ ક્યાંય રાખ્યું નથી. આપણી જ્યોતનું નામ પણ ગુણાતીતના નામ ઉપરથી રાખ્યું. ભાઈઓનો દીક્ષાદિન પણ પોષીપૂનમ : સ્વામીશ્રીના દીક્ષાદિને જ રાખ્યો. પપ્પાજીએ એક વસ્તુ જીવમાં આપી છે કે સૌ ગુણાતીતભાવમાં રહેતાં થાવ. ત્રણ ગુણ સત્વ, રજ, તમથી પર વર્તો. એ રીતે જ પપ્પાજીએ જતન કર્યું છે. તો જગતના પદાર્થો ને વ્યવહારમાંથી બહાર નીકળીએ. ઐશ્વર્યોમાંથી સો ટકા પાછા વળીને પપ્પાજીની કહેણીને રહેણી બનાવીએ. ભક્તિરૂપ વર્તીએ. ભોગબુદ્ધિના સંકલ્પોનો વિરામ થાય ને ભક્તિબુદ્ધિના સંકલ્પો થાય તેવો રૂડો બુદ્ધિયોગ પપ્પાજી આપે તેવી પ્રાર્થના.

'ધન્ય રે રૂડો આસો રે માસ...' ભજનમાં લીન થઈ દ્વિતીય આરતી કરી. ત્યારબાદ દેવીબેનના આશિષ લીધા.



**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** શરદપૂનમનો સમૈયો ગોંડલમાં ઉજવાતો. દર વર્ષે પપ્પાજી, કાકાજી, બા અગાઉથી મુંબઈથી ગોંડલ પહોંચી જતા. ઉતારા સાફ કરાવે. બસ સેવા સેવા ને સેવા. સેવા એ જ પરમપદ. સેવાની ગરજ રાખીને મહિમાથી કરી એક આદર્શ આપ્યો કે મહિમાથી કરેલી સેવાથી આપણામાં ઐશ્વર્યો



આવે ને ભક્તિરૂપ જ ક્રિયા થાય તેવું ઉદય થઈ જાય. તો આપણે જે બની આવે તે સેવા કરી જ લેવી.



પપ્પાજી પાસે રોજ માગીએ કે, હે પપ્પાજી! અમને એકાંતિકપણું સિદ્ધ કરાવજો. સાચા દિલે માગીશું તો મનનું અમન થઈ જશે. પ્રભુમય મન થઈ જશે. પ્રસંગોમાં પ્રભુનું કર્તાપણું મનાશે. માટે સંબંધવાળા પાસે રાંક રહી, તેમનામાં પ્રભુનો સંબંધ જોઈને ચીડ-ગુસ્સો કર્યા વિના વર્તીએ. તો હે પપ્પાજી ! અમારા સૌની પ્રાર્થના છે કે અમે તમારી રુચિમાં જ જીવીએ. સૌમાં સર્વ પ્રસંગે અમને નિર્દોષબુદ્ધિ રહે તેવી આજના દિને પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આજે શ્રી ગુણાતીતાનંદસ્વામીજીનો પ્રાગટ્યદિન. ગોંડલમાં



ભવ્ય સમૈયો થતો. ૧૯૫૨માં શ્રી યોગીજીમહારાજે ‘બહેનો ભગવાન ભજે તો શું ખોટું ?’ ને ૧૯૬૩માં ‘બહેનોનું જુદું કરી આપો. વિદ્યાનગર આપણા પ્લોટમાં...’ આ આશીર્વાદ આપ્યા. ને આપણે અત્યારે તેનું સુખ ભોગવી રહ્યાં છીએ.

પપ્પાજીએ આપણને એકાંતિક બનાવવા ગ્રહણ કર્યા છે. આપણી સામે ઢગલાબંધ પડ્યું હોય ને નજર ના જાય તેવા વૈરાગ્યવાન બનાવવા પસંદ કર્યા ને પપ્પાજી આપણને સૌને તેવા બનાવી રહ્યા છે. પપ્પાજીએ કહ્યું છે કે, ‘તમે મારું ભવિષ્ય છો.’ તો આપણે તેમનું કાર્ય બનીને જીવીએ. પપ્પાજીએ શરદપૂનમે આપણને ગ્રહણ કર્યા ને દેહની વ્યવસ્થા આપી, આત્મા માટે શિબિરો કરી છે. સાંસ્કૃતિક કાર્યક્રમો, ભજનો બનાવડાવીને સૂઝ આપી છે. કેટકેટલું પપ્પાજીએ કર્યું છે. આપણી પાસે આપણો ભગવાન તેમના વારસદાર બનીએ તેવી અપેક્ષા રાખે છે તો તે બનીને જંપવું છે.

પપ્પાજી, કાકાજી, બા, ગુણાતીત સમાજના પ્રાણ સ્વરૂપો છે. આપણે એમના છીએ તેનો હરખ રાખવો. આપણી સંસ્થાનું નામ પણ ગુણાતીત જ્યોત રાખ્યું તો ગુણાતીતભાવને પામી, મહામાનવ બનીને આ જ્યોત યાવતચંદ્ર દિવાકરૌ પ્રજ્વલિત રાખવી છે. એવી પ્રાપ્તિવાળા બની જઈએ. એ જ આજના દિને પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** ગુણાતીતાનંદ સ્વામીજીએ એક



મહારાજ જ રાખ્યા. મહારાજની મૂર્તિ વગર કશું જ રાખ્યું નથી. મૂર્તિથી કંઈક છેટું થાય તો તેમને બળબળતા ડામ જેવું લાગતું. જોગીમહારાજે અસાધારણ કૃપા કરીને તેમનું સ્વરૂપ ઓળખાવ્યું. એવા ગુણાતીતભાવને પામેલા સંતોનો જોગ આપી દીધો. આપણામાં ત્યાગ, વૈરાગ્ય ઉદય થાય તેવું જતન કર્યું છે તો આપણે તેમની પ્રસન્નતાર્થે જ જીવવું છે. નાના-મોટા, ભણેલા ગણેલા કશાયનો મેળ નથી. માટે ગર્વ, ગાફલાઈ રાખ્યા વિના અખંડ ભગવાનમાં વૃત્તિ રાખી મહિમાથી સેવા કરી લઈએ. ટૂંકું ને ટચ પંચામૃત છે તે પ્રમાણે જીવીએ ને ગુરુઓ જેવું સુખ ભોગવતા થઈ જઈએ. રાંક રહી, પ્રભુને કર્તાહર્તા માની જીવનારા આરાધ્ય દેવ થઈ ગયા. તે સૌ પૂજાય છે. માટે આ સેવા અવતારોનેય ના મળે તે આપણને મળી છે. તેવા ભાવે સેવા કરી લેવી તો અખંડ અંતર ટાઢુ ને શુભ સંકલ્પ થશે જ. એવું સદાય રહે તેવી શરદપૂનમની પ્રાર્થના ને આશીર્વાદ.

## તા.૧.૧૧.૨૦૨૧ : કીર્તન આરાધના



અંતમાં સ્વરૂપોએ તૃતીય આરતી કરી સભાનું સમાપન કર્યું.

સં.૨૦૭૭ના આસો માસનો પ્રારંભ નવરાત્રિથી થયો. તે પછી દશેરા, શરદપૂનમ ને તે પછી દિપાવલીનો ઉત્સવ જે નવેમ્બર મહિનાના પ્રારંભે સૌમાં દિવ્ય આનંદ ભરી રહ્યો છે. એવી એકાદશી અને વાઘબારસ જોડિયો દિન. એ દિવસે શુભ, સ્વસ્તિક અને ગુલાબના સુશોભનમાં કીર્તન આરાધનામાં માહાત્મ્ય, સ્વધર્મ, વચનસ્મૃતિ, પ્રેમલક્ષણા ભક્તિનાં, મૂર્તિનાં ભજનો ગાઈને પ્રભુને રીઝવ્યા. અને મનમંદિરે દિવા પ્રગટતા રહે તેવા મહિમામાં રત થયા. ત્યારબાદ પ.પૂ.જસુબેન



અને ગુરુહરિ પપ્પાજીના આશિષ માણ્યા.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** પપ્પાજી એટલે પપ્પાજી. મહારાજના વખતથી આપણે સંબંધમાં છીએ બહુ જ કૃપા કે આ પ્રાપ્તિ હોય નહીં. તે મળી છે તો આનંદ કરીએ.



અનુભવ કરતાં કરતાં આગળ વધ્યા છીએ. પપ્પાજી કૃપા કરીને અહીં લાવ્યા ને તેમના ઘરમાં બેસાડ્યા. ને સાધના એટલે શું ? તેની સમજ પાડી. એવા પપ્પાજી મળ્યા તે જ પૂર્ણાહુતિ.

આપણે શું કરવું છે તે ખબર નથી. પણ તેમને બધી ખબર છે ને તે જ બધું આપણામાં કરે છે. આપણા શુદ્ધિકરણમાં આપણી ભૂલો બતાવે ને કબૂલ કરાવી આગળ લે છે એ પપ્પાજી. પપ્પાજીએ આપણને ચોખ્ખા કર્યા છે ને કરી રહ્યા છે. આપણે આપણું જોયા કરવું. કોઈની જોડે સરખામણી ના કરવી. એક સુખ સિવાય કાંઈ આપણામાં નહીં રહેવા દે. બસ, આપણે દિલથી માનીએ કે બધામાં કર્તાહર્તા પ્રભુ છે. દાસના દાસ થઈને રહેવું છે. આનંદ કર્યા કરવો છે. તે જ શુધ્ધ ચૈતન્ય બ્રહ્મ કરી દેશે. એક શ્રદ્ધા રાખવી કે પપ્પાજી જ કર્તાહર્તા છે. મારી સામે જે આવે તેના દાસ બની



જવું છે. કોઈનાય ઈંદ્રિયો અંતઃકરણ સરખા ન હોય તેથી પોતાના અંગે સામાને કેવી રીતે વર્તાવી શકે ? આ સ્થાન ગુણાતીત સ્વરૂપ બનવા માટે છે તો આપણે સિધ્ધાંત પાળીને પામી જ જઈએ ને બની જ જઈએ. તેવું સૌને પપ્પાજી બળ આપે એ જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** ભીડાને ભક્તિ માની, પ્રભુ પર લગાડીએ. આમાં આખા અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન આવી ગયું. મનનું અમન કરવું જ છે. તેમાં ભીડો પડે જ. સંબંધે સેવા કરી લેવી છે. સામાની કરણી, સ્વભાવ પ્રભુ જોશે. કોઈને આમ કર ને તેમ કર તેવું કહેવું નહીં. પ્રાર્થના કરીએ. સુહૃદભાવે સેવા કર્યા કરી બધામાં પ્રભુ જ કામ કરવાના છે. માટે કોઈના કાજી થવું નહીં. અખંડ બધા પ્રગતિ કરતા ચૈતન્ય મનાય તેવું કરવું છે. અંતરમાં પ્રશાંત સ્થિરતા રહે. પ્રભુને કર્તાહર્તા, પ્રેરક વચ. ગ.પ્ર.૬૨ જેવા માનીએ. પ્રભુના સૌ છે તેની મૂર્તિ લૂંટી લઈએ. સુહૃદ, પ્રાર્થના ને ભજન કરીએ તો અક્ષરધામના હેવા પડી જશે. આપણે ઠાકર ને પ્રભુ એમ રહીએ.



ગુરુ, ગુરુહરિ પાસે ઈન્દ્રિયો, અંતઃકરણ પરોવીને વર્તીએ. ચૈતન્ય શુદ્ધિની લીલા મનાયેલી રહે તેવું કરવું છે. આપણું આખું ગુણાતીત જ્ઞાન બધા સમજી શકીએ તેવું છે. એ આપણા સૌમાં આવી જાય એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

## દિવાળી – નૂતનવર્ષના ઉત્સવોની ઉજવણી...

### તા.૨.૧૧.૨૦૨૧ : ધનપૂજા





સૌ અક્ષરમુક્તોને સૌ સ્વરૂપો અને જ્યોતનાં બહેનો તથા ગુણાતીત પ્રકાશના ભાઈઓ અને પપ્પાજી તીર્થના સંતો વતી અંતરના ભાવથી જય સ્વામિનારાયણ.

તા.૨.૧૧.૨૦૨૧થી ધનતેરસથી દીપોત્સવીના કાર્યક્રમો સ્મૃતિરત કરે છે. ત્યારે પ્રભુકૃપા તીર્થરાજ રોશનીથી ઝબુક ઝબુક થતાં સૌને આવકારે છે. વટેમાર્ગુઓ પણ ભક્તિભાવે બહારથી નમન કરતાં જાય છે. મધ્યસ્થ મંદિરે બિરાજમાન ઠાકોરજી સહિત પ્રભુ પપ્પાજીના દર્શનથી સૌ સભર થતાં ભક્તો માંહ્યલીકોરે સ્વામિનારાયણ મંત્રના સુશોભનને માણતા અંતરમાં મંત્રરટણની પ્રેરણા લઈને જાય છે. ને એ મંત્રના ગુંજારવથી પ્રારંભ થતી આ દિવાળી પણ હરિભક્તો ઘર અને દેહ મંદિર બનાવેલ છે ત્યાં ઉજવી રહ્યા છે. તો

સભા પ્રારંભે પૂ.સ્મૃતિબેન દવેએ રૂપરેખા કહેતા ગુરુહરિ પપ્પાજી મહારાજે વહાવેલ પરાવાણીની સ્મૃતિ કરાવતાં કહ્યું કે, ભારતમાં અનાદિકાળથી આ ચાલતું આવ્યું છે. આર્ષઋષિઓ બધો વ્યવહાર સુધારી આપતા. સૌ પ્રથમ દરેક કાર્ય



– વ્યવહારમાં ભગવાનને અર્ઘ્ય આપી ભગવાનમય કરતા. મહારાજ વચ. ગ. મ. ૩૦માં કહી ગયા તેમ સોનુ ને સ્ત્રી બંધનકર્તા ન નીવડે ને એકાંતિકપણામાં આડુ ન આવે તેવું અત્યારે ગુણાતીત સમાજમાં કોઈને આડું નથી આવતું. આપણી ધનતેરસ જુદા પ્રકારની છે. તમારું જે પરમ પ્રિય 'સ્વ' છે તે ધન છે. તેને દિવ્ય બનાવવું છે. ખરેખર તો મહાપૂજાની પ્રાર્થનાથી આપણામાં ઉગવાનું જ છે. ને ઉગશે જ.

ધનતેરસની ધનપૂજા માહાત્મ્યભાવે નીરવ સભર થઈ પપ્પાજી કિરણ વિભાગના મુક્તોએ ખૂબ સરસ રીતે કરી. પ.પૂ.હંસાદીદીએ સંકલ્પ કરાવ્યો, તેની સિદ્ધિ અર્થે ધૂન થઈ. ભજનોની રમઝટ સાથે ધન પ્રક્ષાલન વિધિ થઈ. અન્નકોટ સાથે થાળ અર્પણ કરાયો. આરતી બાદ ગુરુહરિ પપ્પાજી મહારાજના અને પ.પૂ. દીદીના આશિષ માણ્યા તે વાગોળીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આજે ધનતેરસ. આપણે બધા જ તહેવાર આધ્યાત્મિક રીતે ઉજવાય છે. દૂધમાં થોડું મેળવણ નાખીએ તો દહીં, છાશ, માખણ વગેરે મળે, નહીં તો ફોદા થઈ જાય. જીવન એમ ને એમ જીવીશું તો જીવાશે. તેમાં ભગવાનનું મેળવણ નાખી દઈએ તો ફર્સ્ટ ક્લાસ જીવન થઈ જશે. ભગવાનને રાજી કરવા તહેવારો ઉજવાય છે. ધન એટલે સંકલ્પ, ભોગબુદ્ધિના સંકલ્પ એ ધન. એ સ્વધર્મ ચૂકાવે છે. ધન આવે ને ભગવાન ભૂલાય. ધન એ એવું છે કે સાચવીને વાપરે તો સુખ. ભક્તિરૂપ સંકલ્પ કરો. પદાર્થ, ચીજ, વસ્તુ, ઘરબાર, મોટરો, ધનના માલિક આપણે નથી, ભગવાન છે એવા સમર્પિત ભાવે વાપરીએ તો નિર્ગુણ, નિષ્કામ થઈ જાય. મૂળ હેતુ તહેવારોનો શું ? પદાર્થ હોય તે ભગવાન ને ભગવાનના ભક્તો માટે વાપરીએ. ભોગબુદ્ધિ નહીં ,ભક્તિ બુદ્ધિના સંકલ્પથી પ્રભુ અર્થે વાપરવું છે. ભગવાનને અર્થે ધન ભેગું કરાય. માલિકી ભાવના ન થાય તો આપણું ધન બંધન કરતા ન નીવડે. અભાવ લેવામાં ને સ્વધર્મ ચૂકવામાં ન વાપરીએ તેવી સમજ બધાને ભગવાન અર્પે એ જ પ્રાર્થના.



દીદીના આશિષ પૂર્વે તેમના આદેશ મુજબ ગુરુહરિ પપ્પાજીનું આજનું પ્રવચન ફરીથી સાંભળ્યું. ત્યાર બાદ દીદીના આશિષ લીધા.

**આશીર્દાન પ.પૂ.દીદી :** પપ્પાજીએ આપણને 'પ્રથમ પ્રભુ ને પછી પગલું' એ જીવનસૂત્ર આપ્યું છે તે આપણા જીવનમાં રાખીએ. 'ચાલો પપ્પાજી તમે સાથે રહેજો, દરેક કાર્ય તમે કરાવજો. હું ભૂલુ કે આઘીપાછી થાઉં તો તમે મને ટોકજો, રોકજો.' આપણે ત્યાગી છીએ પણ આખા સમાજ માટે આ બ્રહ્મસૂત્ર છે. પપ્પાજીને અંતર્યામી માનીએ. આપણા અંતરમાં ભાવના કે તમારો રાજીપો જોઈએ છે. પપ્પાજીનો રાજીપો શેમાં છે તેની તે જ સૂઝ પાડે છે. અંતરમાં થાય કે આ કરવું છે ને આ નથી કરવું. એમ અંતર મન બે બાજુ ચાલ્યા કરે છે. એમાંથી પપ્પાજી હું તટસ્થ થાઉં તેવું બળ આપજો. એક નિર્ણય તમે કરાવજો. પપ્પાજી હંમેશા સાથે રહેવાના જ છે. બુદ્ધિથી દોરવાઈએ ત્યારે ગડમથલ ઊભી થાય છે. પપ્પાજીને સાથે રાખવાનો સીન્સીયર પ્રયત્ન કરીએ. આંતરિક વફાદારી રાખીએ કે અંતર્યામી છે. તમે શું બોલો છો તેના કરતા શું જીવો છો તે પપ્પાજી જુવે છે. એને ગમે છે તેવું કરશું તો પરિવર્તન થશે. આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરવા આવ્યા છીએ. પ્રથમ પ્રભુ પછી પગલું માંડીએ.



બહુ વખત પહેલા દસ પૈસાનું ચલણ હતું. ત્યારે એ દસ પૈસાનો સિક્કો દેવીબેનને પપ્પાજીએ આપેલો. દેવીબેને તે સાચવ્યો છે. દેવીબેનની સેવા છે. તારાબેન, દેવીબેને યથાર્થ સેવા કરી છે. દેવયાનીબેનને વારસો આપ્યો. મારા પર મારા પ્રભુને વિશ્વાસ છે એ પણ આપણું ધન છે. એ ધન આપણે પ્રાપ્ત કરવાનું છે. કાંઈપણ વિચાર, કરતા પહેલા પપ્પાજીને પૂછવું

'તમારે શું કરાવવું છે ?' આપણા પ્રત્યેક વિચારને જાણે છે ને પછી આચાર કરીએ તે પણ જાણે છે. આપણે રાજીપો લૂંટવો છે.

ત્યાગી-ગૃહી બધા જ ભગવાનને વફાદાર છે. આપણામાં પરિવર્તન આવવું જોઈએ. વચ.ગ. પ્ર.૩૮ પપ્પાજી આપણા પર પ્રસન્ન છે. હજી ય પ્રસન્નતા મેળવવી છે. એ આપણી સાથે છે. એના સથવારે તો દોડીએ છીએ. આપણો ભગવાન છે. છતીંદેહે એકાંતિક ધર્મ સિદ્ધ કરાવે એવા ભગવાન છે. આ જન્મે એમને માનીએ ને માણી લઈએ. એવું આપણે કરવું છે. ભગવાનનો આધાર, સથવારો છે ક્યારેય કાંઈ બગાડ્યું નથી. આપણે બગાડ્યું હોય તો તેને સુધારતા આવડે છે. પારસમણી લોઢાને સોનું કરે. ચિંતામણી એના કરતા વિશેષ. ચિંતવીએ તે થાય. શું ચિંતવવું એ અહીં શીખવે છે. ચિંતામણી વાપરીએ તો આપણું પરિવર્તન થાય. ચિંતામણીનો ઉપયોગ ત્યાગી-ગૃહી સૌ કરી શકે. આપણે એકબીજાના અનુભવને સાંભળી, વાંચી ને વિચારીને આનંદીએ એ જ પ્રાર્થના.

## તા.૪.૧૧.૨૦૨૧ : દિવાળીની મંગલસભા...

સં. ૨૦૭૭નો અંતિમ દિન. દીપોત્સવીની ઉજવણીઓનો સાર વાઘબારસે ભક્તિરૂપ જ વાણી બોલાય. સમતા, સ્મિત ને શાંતિ એ જીવન. ધનતેરસે પ્રભુને વિશ્વાસ આવે તેવું જીવન એ આપણું ધન છે. અક્ષરચૌદશ – આપણાથી ક્યારેય ચીડ, ગુસ્સો થાય જ નહીં. કર્તાહર્તા મારામાં ને સૌમાં એ જ છે. ને આજે દિપાવલી – આપણા જીવનનું સરવૈયું કાઢવાનું. નિરંતર ધ્યેય તરફ દૃષ્ટિ રાખી એકાંતિક ધર્મ સિદ્ધ કરવાના જાગ્રતતાના દીપ પ્રગટેલા રાખવાના. ને રોજના સ્પંદનોની નોંધ લખી સમય ન બગડે તેવી કાળજી રાખી જાગ્રત રહેવું. તેવી દીપાવલીનો પર્વ. આ દિવસે પ્રત્યક્ષ ગુરુહરિ પપ્પાજી મહારાજને અને સ્વરૂપોને હાર, પુષ્પ અર્પણ કર્યા અને દીપાવલીના પ્રાર્થનાદીપ ધર્યા. ત્યારબાદ પ્રથમ ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ લીધા. અને દીપાવલીના દીપ સદાય પ્રગટતા રહે એવી પ્રાર્થના શબ્દદીપથી પ્રત્યક્ષ પ્રભુને ચરણે પૂ.નીલમબેને અર્પણ કરી તેનો સાર માણીએ.

**પૂ.નીલમબેન** : ધર્મ ને ભક્તિના પુત્ર શ્રીજી મહારાજ પૃથ્વી પર પધાર્યા. નાથાભાઈના પુત્ર બાબુભાઈ ૯૦ વર્ષ સુધી પૃથ્વીને અજવાળતા રહ્યા. જે જે સંબંધમાં આવ્યા તેના આતમમાં દીપ પ્રગટાવ્યા. પપ્પાજીએ તો દીવો મૂક્યો, ઘી પૂર્યા ને સંત આપ્યા ને પોતે આતમમાં પ્રગટ્યા. 'અનુભવી આનંદમાં ગોવિંદ ગાવે રે...' એવા ચાર સ્વરૂપો અહીં બિરાજમાન છે. એવાં દર્શન કરાવનાર સાક્ષાત્ ગુરુહરિ બાહ્ય નજરથી ૧૬ વર્ષથી હાજર નથી. પણ અંતરમાં સંકલ્પ, ભાવ ને ક્રિયાથી સહજ એક હૂંફ રૂપે સદંતર યાદ રહે છે. માનવદેહ નથી પણ એણે મને સ્વીકારી. માનવદેહે સામાન્ય વેશમાં આવ્યા ને મને મનાઈ ગયા કે એ સર્વોપરી, સર્વનિયંતા, સર્વવ્યાપી છે. એ મનાવ્યું એ પપ્પાજીએ દીપ પ્રગટાવ્યો. એ અસાધારણ કૃપા છે. તેમાં મન, બુદ્ધિ, ચિત્તનાં આવરણ આવ્યાં તેને ટાળવાની જવાબદારી પપ્પાજીની છે. પપ્પાજી સમગ્ર જીવનમાં 'હું કાંઈ નથી' તેમ જીવ્યા. આપણામાં દાસત્વનો દીપ પ્રગટાવવાનો એ મોટેરા સ્વરૂપોના જીવન પરથી આપણામાં એવું સત્વ આવે છે. પછી તેવો દીપ સદાય પ્રગટતો રહે છે.



પપ્પાજીએ આપણી, આપણા સમાજની સેવા ગરજુ થઈને કરી છે. એટલે જ આપણે માનવી તરીકે જીવીએ છીએ અને મહામાનવ તરફ જઈ રહ્યા છીએ. એ પપ્પાજીનો પ્રેમ છે. માનવીય પ્રેમ અને ભગવાનનો પ્રેમ અલગ છે. કર્તવ્ય કર્મો કર્યા છતાં પણ અંતરનો આનંદ ન જાય એ કરૂણાનિધિની કૃપા છે. સહેજ બેચેની લાગે તો સમજી જવું કે આપણો અહંકાર છે. ત્યાં કાલાવાલા કરવા મંડી પડવું. આપણે આપણા નહીં રહીએ ત્યારે જ એ દીપ પ્રગટાવશે. દિવાળીના દીકરાએ

૯૦ વર્ષની એક એક પળ સુધી આપણો દિવો પ્રગટતો રાખ્યો. જે જે એના સંબંધમાં આવ્યા તેને આત્માનું સુખ આપ્યું. તેમાં રાગ-દ્વેષ છે જ નહીં. પપ્પાજીની કૃપાને એક સેકંડ પણ ન ભૂલીએ તો જ આપણો દીપ પ્રગટતો રહે. સંકલ્પ, ભાવ ને ક્રિયા દેહમાં આવીને કર્યા જ નથી. આપણે દુઃખી ન થઈએ એ જ મોટામાં મોટી કૃપા છે. આપણી વેલ્યુ હોય કે ના હોય એ બુદ્ધિપૂર્વક છે. પપ્પાજીએ દીપ પ્રગટાવ્યા છે તે અને એમણે આપેલું સુખ વાગોળીએ ને એ વાગોળતા વાગોળતા ગુણાતીત ભાવને પામી જઈએ એ જ આજના દિનની પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ** : આપણે તો અક્ષરમુક્તો છીએ. યોગીજી મહારાજે શાસ્ત્રીમહારાજની શતાબ્દી ઉજવી ત્યારે કહ્યું કે આ બધી ભક્તિ કરશો તે પ્રકૃતિ-પુરુષની અંદરની છે. પ્રકૃતિ-પુરુષથી પરની ભક્તિ કેવી કરવી ? મહારાજ વિચરણ કરીને આવ્યા પછી પગ લંબાવીને બેઠા હતા. મહારાજના ચરણોની પૂજા કરવા પરમહંસો ગયા. મહારાજે પગ પાછા ખેંચી લીધા. ને પૂછયું કે તમે એવું શું કર્યું કે હું રાજી થાવ ! બધા દૂર રહ્યા. એક જણ સમજુ હતો તે ગયો ને કહે કે મહારાજ અમે જેવા છીએ તેવા તમારા છીએ. તમારા થઈને જીવીએ છીએ. મહારાજે તરત પગ લાંબા કર્યા ને પૂજા કરવા દીધી. આપણને પ્રકૃતિ પુરુષથી પરના પ્રભુ મળ્યા છે માટે ગરજુ થઈને સેવા કરો. મુંબઈ મંડળે ગરજુ થઈને સત્સંગીની સેવા કરી તો છતીદેહે અક્ષરધામનું સુખ ભોગવતા થઈ ગયા. અક્ષરધામનું સુખ શું ? કર્તવ્ય કર્મો કર્યા છતાં પણ અક્ષરધામના સુખ, શાંતિ, આનંદ જાય નહીં. એ મહારાજની કૃપા, એકાંતિકની કૃપા. બહેનોની, યોગેશ્વરોની ગરજુ થઈને સેવા કરી દિવ્યભાવ રાખી ખમ્યા તો સુખી થઈ ગયા. તો એ રીતે સૌ કોઈ અક્ષરધામનું સુખ ભોગવતા થઈ



જાય તે જ પ્રાર્થના ને આશીર્વાદ.

પૂ.કલ્પુબેન અને પૂ.તરૂબેન રચિત 'પરબ્રહ્મ પ્રગટયા...' ભજનમાં સૌ લીન થયા.

**આશીર્દાન પ.પૂ.પદુબેન** : પપ્પાજીની આજની પરાવાણી ને દર્શન યાદ કરીએ તો ખરેખર આખી જીંદગી બહુ જ કામ લાગે ને આનંદ થાય. નિલમબેને કળશ ચડાવ્યો. પપ્પાજીનું દર્શન કે તમારા કયા સાધનથી આ પ્રકૃતિ-પુરુષથી પરના ભગવાન રાજી થાય ? સત્ય આપ્યું કે ગરજુ થઈને સેવા કરો ને દિવ્યભાવ રાખી ખમો. કાકા, પપ્પા, બાએ આ જ કર્યું છે. તારદેવથી ગંગોત્રી વહી તેમાં આપણે સૌ નાહીએ છીએ. સત્સંગીઓની સેવા કાકા, પપ્પા, બાએ કરી ને સુખિયા થયા. ને રહસ્ય આપ્યું કે તમે જો આ સિદ્ધાંત પ્રમાણે જીવશો તો ભગવાન રાજી થશે. તેમના ચરણાર્વિંદના સ્પર્શ કરવા મળશે. અનુભવી આનંદના પદ સમજાવતા પપ્પાજીને થાય કે બધા સુખિયા થઈ જાય. સૂર્યના રથમાં બેઠા છીએ. એટલે આટલું ઘૂંટયા જ કરો કે પપ્પાજી મળ્યા છે. સેવા જેટલી ગરજુ થઈને, નિર્માની થઈને કરશો તો પપ્પાજી વધુ પ્રસંગ લાવશે. કારણ કે તેમને આપણામાંથી બધું કાઢવું છે. ખમવાનું લાગે તો પપ્પાજીને કાલાવાલા કર્યા કરીએ. પપ્પાજીનાં આ દર્શન કર્યા જ કરીએ. આપણને સ્મૃતિ સૌરભ ઉત્સવ ઉજવવાની સૂઝ આપી કે સામે આવનાર મુક્તની સેવા કરી લ્યો. મળ્યા છે એના કેફમાં આનંદ કર્યા કરીએ. પપ્પાજી મળ્યા પછી તેમનામાં રહીએ તેવા આશીર્વાદ સ્વરૂપો આપે. તેમના ભીડાને સાર્થક કરીએ એ જ પ્રાર્થના.



**આશીર્દાન પ.પૂ.દેવીબેન** : આજે જેવો આનંદ છે તેવો રોજ રાખજો. આપણે તો ખૂબ ખૂબ ખૂબ નસીબદાર. પપ્પાજી મળ્યા, આ જોગ મળ્યો. વાતો



સાંભળીએ છીએ, સમજીએ છીએ હવે વર્તનમાં લાવવાની છે. જે કાંઈ સાંભળ્યું છે એ વહેલી તકે વર્તનમાં લાવવું છે. વર્તનમાં લાવવા માટે દાખડો માગે છે. જે કાંઈ પ્રાપ્ત થયું છે તે લઈ મંડવાનું છે. દીદી કહે છે કે ઊઠો, જાગો ને ભાગો. આપણા વર્તનમાં જ્ઞાન આવી જાય એવી પપ્પાજી આપણી પાસે આશા રાખે છે. સાધનની પૂર્ણાહુતિ તો પપ્પાજી મળ્યા એટલે થઈ ગઈ. મારી થઈ એમ બીજાની પણ થઈ ગઈ છે. એટલે એનું જોવા કરતા આપણને જે સત્ય મળ્યું તે પોતાનું કરી લઈએ એવું બળ આ સ્વરૂપો આપે. બળ તો આપે છે પણ ઝીલવું આપણે પડે છે. તે માટે પપ્પાજીને પ્રાર્થના કર્યા કરીએ. કોઈ વાત અશક્ય નથી. દિલથી ભજન કરશું તો વર્તનમાં આવી જશે. સૌને તેવું બળ પપ્પાજી આપે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** જીવનમાં પ્રથમ પ્રભુ પછી પગલું રાખવું છે. સં.૨૦૭૭ પૂરી થાય છે. આવતીકાલે નવું વર્ષ ૨૦૭૮ ચાલુ થશે. પપ્પાજીએ કહ્યું છે કે આપણે તો નિત નવું વર્ષ. આજે ભાવથી પ્રેમથી જય સ્વામિનારાયણ કરીએ છીએ તેવું જ રોજ રાખવાનું. તેથી પપ્પાજીએ નિત નવું વર્ષ એમ આપણને કહ્યું છે. જીવનમાં, વાણીમાં મીઠાસ રાખવાની તો જીવનમાં સુખ રહેશે.



આપણને ભગવાન મળ્યા છે તે કેફ રાખવો. વાણીની મીઠાસ રાખીએ તો ખમવાનું નહીં લાગે. આપણને પપ્પાજીએ કેવી રીતે મોટા કર્યા છે ? તેમ આપણે ભાવના રાખવી. પપ્પાજીને પોકાર કરીએ ને હાજર થઈ જાય છે. તો આપણે તેમને સંભાર્યા જ કરીએ. માયા સાથે રહ્યા ને તે માયાને પપ્પાજીએ ગુણાતીત બનાવી દીધી. સૌનો સ્વીકાર થાય તેવા બનાવી દીધા. આપણે સંબંધવાળાની, સત્સંગીઓની ગરજુ થઈને સેવા કરવી છે. આવી સેવા પપ્પાજીને પહોંચે. આપણે સમર્પિત ચૈતન્યો છીએ તો જે કંઈ સેવા કરીએ તે ભક્તિ માનીને કરવાથી પ્રાપ્તિ થાય છે. બધા જ સ્વરૂપોને ખમવાપણું આવ્યું છે. પણ તેઓ ચૈતન્ય સ્વરૂપો છે તો માન્યું કે આવું હોય જ. તેમ કર્તાહર્તા પ્રભુને માનીને જીવ્યા તો પામી ગયા. આપણું સ્વ સ્વીકારીને પ્રભુને સોંપ્યામાં જે સુખ છે તે ઉત્તમ છે તો આપણે પ્રભુને તે સોંપીને સુખી થઈએ. ચાલો સૌને નૂતન વર્ષના સાલમુબારક ને નવા વર્ષના જય સ્વામિનારાયણ.

## તા.૪.૧૧.૨૦૨૧ : શારદાપૂજન



સાંજની સભામાં પૂ.વિજ્ઞાનસ્વામી, પૂ.આચાર્યસ્વામી, પૂ.નરસીફુઆ, પૂ.વિઠ્ઠલાણીસાહેબ, પૂ.વિરેનભાઈના સાંનિધ્યે ખૂબ ભક્તિભાવથી પૂ.ઈલેશભાઈ, પૂ.બેચરભાઈ, પૂ.હરીશભાઈ ઠક્કરે વિધિસર ચોપડાપૂજનની મહાપૂજા કરી.

ઠાકોરજી, સ્વરૂપોના પુષ્પહાર ને પુષ્પગુચ્છથી સ્વાગત થયા. યજમાનોનું પૂજન કર્યું. નાડાછડી બાંધી, ખેસ અર્પણ કર્યા. પૂજાના આશિષપત્રો પર



નાગરવેલનાં પાન, ફળો પધરાવી કંકુવર્ષા કરી.

ત્યારબાદ સંત સ્વરૂપોના આશિષ લીધા તેનો સાર માણીએ.

આશીર્દાન પૂ.વિજ્ઞાનસ્વામી : આજે ચોપડાપૂજનનો દિવસ. શિક્ષાપત્રીના નિયમ પ્રમાણે જે આવક હોય તેનો ૧૦મો, ૨૦મો ભાગ ઠાકોરજી માટે અર્પણ કરવો જેથી ઠાકોરજી આપણા ધંધામાં ભાગીદાર બને. તેમની ફરજ થઈ જાય છે. ને આપણા ધંધામાં બરકત આપે છે. આ પુરુષો આપણને ઊંચી કક્ષામાં લઈ જવા માગે છે. મહારાજમાં રહેતા થઈએ તે કરાવવા માગે છે. તેમના સંકલ્પે આવી ભૂમિકા પર પહોંચીએ તે માટે આવા ઉત્સવો ઉજવાય છે.



ધન ધોવાની એક પ્રક્રિયા છે. તેમાં આપણા સ્વભાવ, પ્રકૃતિ ધોઈએ. આજે મહાપૂજા કરવાનો આ પવિત્ર સ્થાનમાં ચાન્સ મળ્યો છે ત્યારે સંકલ્પ કરીએ, નક્કી કરીએ કે અંતરથી આપણા પપ્પાજી અને પ્રત્યક્ષ સ્વરૂપોની સાક્ષીએ પ્રાર્થના કરીએ કે, અંતઃકરણમાં જે કાંઈ બખેડા હોય તે ધોઈ નાખે ને નવેસરથી નવી જીંદગી જીવીએ. એટલે કે જાણપણેયુક્ત જીવીએ. માહાત્મ્યેયુક્ત સેવા કરીએ. પપ્પાજી પોતે સૌને સંપૂર્ણપણે માહાત્મ્યથી જોતા હતા તો પામ્યા. જોગી પાસે કરિષ્યે વચનમ્ તવ એમ જીવ્યા. મહિમા પોતાને હતો તે સૌને પાયો. તારદેવથી કટોકટીની



પરિસ્થિતિમાં પપ્પાજીએ વર્તીને બતાવ્યું છે. ભયંકર પરિસ્થિતિ હતી. ધન્ય છે એ બહેનોને ! તેઓએ મન, બુદ્ધિ, ચિત્ત સાથે લડત લઈને ચાહોમ કરી દીધું. તો આ જ્ઞાનને ઝીલી શક્યાં. એટલા નાના ઘરમાં ૧૫-૧૭ બહેનો !

પપ્પાજીને બહેનોએ ઓળખ્યા. આપણે બધા તેમના ઋણી છીએ. એ ઋણ અદા કરવા તેમની સેવા ગરજુ થઈને કર્યા કરીએ. અંદરથી માહાત્મ્ય હોય તો ગરજુ થવું ના પડે. સહજ થવાય.

નીતિથી ચોપડામાં લખીએ. શેષ જીવન હવે પછીનું છે તે અલ્પ સંબંધવાળાને નિર્દોષ માનીને જીવીએ. આજે આપણે ભૂલો માફ કરાવી લીધી. માફી માગી લીધી. હવે પછીનું શેષ જીવન માહાત્મ્યેયુક્ત સેવા કરીને જીવીએ. જેથી અનંતગણુ ફળ પ્રભુ આપશે. આ માહાત્મ્યેયુક્ત સેવાનો સાકાર થયેલો સિધ્ધાંત છે. તે આપણા જીવનમાં સાકાર કરીએ. સંબંધે સ્વરૂપ માની સેવા કરી લઈએ. બધા કેવળ બ્રહ્મપ્રેરિત છે તેવું માનવા આપણે પ્રયત્ન કરવો છે. સૂકું પાંદડું હાલી ના શકે તો આ મુક્તો કેવી રીતે વર્તી શકે ? તો સૌને પ્રભુ વર્તાવે છે તેવું માનવાનું, વર્તવાનું સ્વરૂપો ખૂબ બળ આપે. તેમની રીતિ નીતિ પ્રમાણે આપણું જીવન થઈ જાય ને તેઓને હાશ કરી દઈએ એ જ પ્રાર્થના.

પૂ.વિરેનભાઈ : દિવાળીના દિવસો આવે એટલે ખૂબ સ્મૃતિઓ થાય. નાના હતા ત્યારથી દિવાળીના સમૈયાનો લાભ મળતો રહ્યો છે. પ્રત્યક્ષના સાંનિધ્યમાં વીતેલી પળ નકામી જતી નથી.



૪૦ વર્ષ પહેલા ફેક્ટરીમાં ચોપડાપૂજન થતું હતું. એ વખતે બાળક તરીકે ધ્યાન ફ્રુટમાં હોય. એ બધું અત્યારે અંતરમાં આનંદ ને બળ આપી જાય છે. જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન ધનવર્ષા કરતા હોય એ સ્મૃતિઓ અંતરમાં છે.

આજે એક નવીન દર્શન કે ચોપડાપૂજનમાં સંતોનો લાભ મળ્યો. આશીર્વાદ મળ્યા. યોગીબાપાએ બનાવેલા ને પપ્પાજીએ આપેલા આ સંતો ખૂબ મોટા છે. વર્ષોથી આ સંતો આપણી સાથે સમૈયામાં મર્યાદામાં રહીને કાર્ય કરી રહ્યા છે. આજે આવી રીતે તેમના આશીર્વાદનો લાભ મળ્યો. સ્વરૂપોને થેંક્યુ.

આપણો કમાયેલો પૈસો સુખ, શાંતિ અર્પે તે માટે પ્રભુ અર્થે વાપરીએ તો આપણા જીવનમાં સફળતા મળે. આશીર્વાદ તે માટે લઈએ છીએ. ધન સેવા અર્થે વપરાય તે માટે આજે સરસ દિવ્ય મહાપૂજા થઈ. સં.૨૦૭૭નો છેલ્લો દિવસ ને સં.૨૦૭૮માં પપ્પાજી આપણને ખૂબ સુખ, શાંતિ, આનંદમાં રાખે તેવી પ્રાર્થના.

ત્યારબાદ સંતો પરમપ્રકાશમાં પધાર્યા.







સંતો ગયા બાદ પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.પદુબેન સભામાં પધાર્યા. તેમના સાંનિધ્યે થાળ, આરતી ને પૂજાના આશિષપત્રો પર ધનવર્ષા થઈ ને આશીર્વાદ લીધા તેનો સાર માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આપણે દેહભાવ અહંતા, મમતામાં જીવ્યા હોય તેનું સરવૈયું કાઢીએ. પ્રાપ્તિનો કેફ રાખ્યા વિના જીવ્યા



હોય તેનું સરવૈયું કાઢીએ. નૂતનવર્ષ આવે છે તો દેહભાવમાં ભળવું નથી. યોગીએ તેના ઘરે બેસાડ્યા. તેણે વચન આપ્યું છે કે મારા થઈને જીવો. પરમ ભાગવત સંત તો જોગી જ બનાવવાના છે. આપણે પ્રાપ્તિનો કેફ રાખી આનંદથી ભજન કરીએ. દુઃખમાંય સ્મિત રાખી આનંદ કરીએ. એવું સૌને કરી આપે એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** ધન્ય છે બેચરભાઈ, ઈલેશભાઈ, હરીશભાઈને. બધા મહાપૂજામાં બેઠા છે તેમનેય ધન્ય છે. દીદીને ધન્ય છે બધાને પ્રસાદીનો સિક્કો આપ્યો. ભક્તિભાવનાથી બધું આયોજન થયું. આ સ્મૃતિ રોજ કર્યા કરવી. બધાને હેપી દિવાળી. આખો ગુણાતીત સમાજ સુખી થાય.



આપણે સવારથી તે રાતે સૂઈએ ત્યાં સુધી એક જાગ્રતતા રાખવાની છે કે પ્રભુના સંબંધવાળાને દિવ્ય માન્યા ? ના માન્યા હોય તો માફી માગી લેવી કે મને માફ કરો. આવી જાગ્રતતા સૌને પ્રભુ બક્ષે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** પપ્પાજીએ કહ્યું છે કે તમે અમારું ભવિષ્ય છો. તો આપણે તેમના વંશજ છીએ. પપ્પાજીનું કાર્ય કરવા જ જન્મ્યા છીએ. કુંવારા રહો કે પરણો તે પ્રશ્ન નથી. બસ નિયમ પાળજો કે કોઈનું જોવાનું નહીં. વિચાર, વાણી, વર્તનમાં વફાદારી રાખવી. પપ્પાજીએ વફાદારી રાખી તેમ બધાને વફાદારી જોઈતી જ હોય. આપણે આપણા ભગવાનનો વિશ્વાસ સંપાદન કરી તેમનું ભવિષ્ય બનીએ. વર્ષોથી શારદાપૂજન કરીએ છીએ. આપણે બધા મહા એકાંતિક થવા જન્મ્યા છીએ.









આપણે કોઈનું ઘસાતું બોલીએ તો પ્રભુ આપણાથી છેટા થતા જાય. તેથી તેમાં પડવું નથી. એકબીજાનું માહાત્મ્ય સમજીએ, તેવું રાખીશું તો સુખ આવશે. તો હે સર્વ સ્વરૂપો ! અમે તમારા છીએ ને સદાય પ્રસન્ન રહો તેવા અમારા વિચાર, વાણી, વર્તન થાય તેવી સૂઝ ને વફાદારી આપજો. લાગણીથી, સ્નેહથી સદાય તમારું પૂજન કરીએ તેવી શક્તિ ને ભક્તિ આપજો. જય સ્વામિનારાયણ.

## તા. ૫.૧૧.૨૦૨૧ : નૂતનવર્ષ ૨૦૭૮

સં.૨૦૭૮ની મંગલપ્રભાત 'પ્રથમ પ્રભુ પછી પગલુ'ની સ્મૃતિથી પ્રકાશિત થઈ. પ્રભુકૃપા મહાતીર્થના દર્શને હૈયામાં સ્વામિનારાયણ મહામંત્રની પ્રેરણાએ શ્વેત વસ્ત્રમાં વરણાગી પ્રભુ પપ્પાજી દ્વારા બળ પૂરાતું રહ્યું. પ્રભુકૃપા ઓસરીયે ગુરુહરિ પપ્પાજી મહારાજની રંગોળી પપ્પાજીની કૃપાએ નેહલબેન દવેની કલામાં તારદેવ અક્ષરધામના તખતમાં બિરાજમાન પપ્પાજીની મૂર્તિની સ્મૃતિ કરાવતી શ્યામસફેદ રંગમાં શોભી રહી હતી.

વહેલી સવારે જ્યોત મંદિરની મૂર્તિના પાટોત્સવમાં પ.પૂ.દીદીના હસ્તે પૂજન, આરતી થયા. આ મંદિરમાં બિરાજમાન મૂર્તિના આશીર્વાદે સૌના ઘર, દેહ મંદિર બન્યા ને એ જ હેતુથી આ મૂર્તિની સમક્ષ મંદિરમાં પંચભૂતના તત્ત્વોનું દર્શન અને ગુરુહરિ પપ્પાજીના સંકલ્પના સૂત્રનું દર્શન સૌએ કર્યું. પ.પૂ.હંસાદીદીએ આશિષ આપ્યા કે ઠાકોરજીના પૂજન, હાર ને આરતી વગેરે વિધિ કરી રોજ યાદ કરવું ને રોજ થાળ ધરવો. એમને જમાડીને જમવું. આપણે ધ્યેય નક્કી કર્યું તે મનને સદાય કહેતા રહેવું અને પોતાના દોષ ટાળવાનો જે આગ્રહ રાખે તેવાનો સંગ રાખવો વચ. ગ. પ્ર.૩૮ પ્રમાણે. કારણ આપણે સ્વભાવ ટાળવા આવ્યા છીએ.







## નૂતન વર્ષે મંગલદર્શનની સભા





નૂતનવર્ષની સાધકોની સભામાં ધ્યાન, ભજન, પ્રાર્થના, નિત્ય વાંચન કર્યું. સમગ્ર સમાજ વતી ગુરુહરિ પપ્પાજીનો આપણા માટે જે સંકલ્પ હોય તે પૂર્ણ થાય તેવી પ્રાર્થના સાથે એ ગુરુહરિને હાર અર્પણ કર્યો અને આશિષ લીધા.

મંગલઆશિષ ગુરુહરિ પપ્પાજી : સર્વ અક્ષરમુક્તોને નૂતનવર્ષના ઝાઝા કરીને જય સ્વામિનારાયણ. આપણે ગુણાતીત સમાજના સભ્યો છીએ. કોઈને કોઈ ગુણાતીતભાવને પામેલા એકાંતિકમાં અસાધારણપણે જોડાયેલા છીએ. એના થઈને જીવીએ છીએ. કાળ, કર્મ, માયાનો કાયદો આપણે માટે નથી. ગુરુનો સંકલ્પ એ આપણું જીવન. આપણું પ્રારબ્ધ એ રીતે ઘડાય છે. એટલે આપણે તો રોજ નૂતન વર્ષ.



સર્વ કોઈ ગુણાતીતભાવમાં રહીને અક્ષરધામનું સુખ ભોગવતા થઈ જાય એવો એક દ્રઢ સંકલ્પ કરીને યોગીજીમહારાજે સંતો, બહેનો, યુવકો ને ગૃહસ્થો તૈયાર કર્યા. આપણને એવા નેતાઓ આપ્યા. આપણે એમના થઈને જીવીએ છીએ. એટલે આખો સમાજ બ્રહ્મનિયંત્રિત વર્તી શકે. ગુરુને બ્રહ્મનું નિયંત્રણ ખબર છે. અખંડ જ્ઞાનસમાધિમાં રહે છે. અને એના થઈને જીવીએ, બે હાથ જોડીને કહે એમ કરીએ તો બ્રહ્મનિયંત્રિત વર્તી શકીએ. ભલે એવી સ્થિતિ ન થઈ હોય તોય. એટલે આપણે તો અખંડ અક્ષરધામની સમાધિમાં રહેવું છે. કર્તાહર્તા આપણામાં ભગવાન છે. પળેપળનું સંચાલન યોગીજીમહારાજનો સંકલ્પ કરી રહ્યો છે. એનો જયજયકાર આખા ગુણાતીત સમાજમાં છે. ધીમે ધીમે આપણામાંથી જગત ખોટું થતું જાય છે અને બ્રહ્મનિયંત્રિત મનાતું જાય છે.

કોઈ પ્રસંગ બને તો આપણી નજર ભગવાન તરફ જાય. 'પ્રભુ આમા મારે શું કરવાનું છે ? લાવનાર તો



તું જ છે. કાળ, કર્મ, માયા કોઈની તાકાત નથી કે મારા આગળ આવી શકે. મારે તારી શી ભક્તિ કરવાની છે? એટલું જ આપણે પૂછીએ. બહુ જ સહજ અને સરળ કરી દીધું. જે ગુરુમાં વળગ્યા છીએ ત્યાં એટલું જ પૂછીએ કે એ રાજી થશે ને ? એવા વિચાર, વાણી ને વર્તન કરવા માટે તો આ સાધના શરૂ કરી છે. તારી પ્રસન્નતાર્થે કરવું છે. એટલું જ આપણે પૂછવાનું રહે છે. બ્રહ્મજ્ઞાન કેટલું સરળ કરી નાખ્યું ! આપણા મગજમાં ઉતારી દીધું. આપણે જરી ખટકો રાખવાની જ વાત છે. એકાંતિકમાં જોડાયેલા પણ છીએ. એના થઈને જીવીએ પણ છીએ. નિશ્ચય કર્યો છે નિર્ણય કર્યો છે. અખંડ અનુસંધાન ભગવાનનું રાખે તે જ્ઞાનસમાધિ છે. ગ.છે.૧૧.વચ. જોગીમહારાજને આ સિદ્ધ કરાવવું હતું. એના થઈને આપણે જીવીએ તો અક્ષરધામની સમાધિનું સુખ આવવું જ જોઈએ.

નવું વર્ષ શરૂ થાય છે. આપણે બધા જ અક્ષરધામની જ્ઞાનસમાધિમાં રહેતા થઈ જઈએ. આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સૌમાં રાખીએ. બધા બ્રહ્મનિયંત્રિત જ છે. કોઈની તાકાત નથી કે પોતાના સ્વભાવ પ્રમાણે વર્તી શકે જો જોગીમહારાજ ચાલવા ન દે તો. એવું જ્ઞાન ધીમે ધીમે આપણામાં આવતું જાય છે. માહાત્મ્યેયુક્ત સેવા, સમાગમ ને સ્મૃતિ કરતા જઈએ છીએ. આખો સમાજ બ્રહ્મકિલ્લોલ કરે છે. ચારે બાજુ બાપાની લીલી વાડી ખીલી રહી છે. તો આપણે એના ભાગી થઈએ, સુખ ભોગવતા થઈએ. નિરંતર અક્ષરધામની સમાધિનું સુખ સૌ કોઈ સદાય સર્વ પળે ભોગવે એ જ આજના નૂતનવર્ષની પ્રાર્થના ને આશીર્વાદ.

આશીર્દાન પ.પૂ.દીદી : એક સ્મૃતિ કરીએ. એક વખત લંડન જ્યોતનાં બહેનોને લઈને પપ્પાજી મહેસાણા ગયા હતા. સવારના સંઘધ્યાન હતું. ‘ઉગતી પ્રભાએ...’ ભજન ગવાતું હતું. એક બેન ગાતા નો’તાં. પપ્પાજી જોતા હશે. પપ્પાજીએ આશીર્વાદ આપ્યા



ત્યારે એ બેન સામે જોઈને કહ્યું, ‘તમે જે કાંઈ કરો તેમાં ભગવાનની સહાય નથી જોઈતી ?’ આપણે બધાએ આ ભજન ગાવું જોઈએ. યાદ રાખવું કે આપણે પણ પપ્પાજીની સહાય જોઈશે. પપ્પાજીએ કહ્યું કાર્ય શરૂ કરતા પહેલા એમની સહાય વગર થશે નહીં. સફળતા જોઈતી હોય તો એમની સહાય જોઈશે. ભક્ત હંમેશા ભગવાનની સહાય લે જ. જે કાંઈ થાય છે ને કરીએ છીએ એ એમનું આપેલું થાય છે.

નવા વર્ષે આપણે કાંઈક સંકલ્પ કરવો છે. સાધનામાં પોઝીટીવ લે તો મૂંઝવણ આવે જ નહીં. એકબીજાનો હાથ ઝાલીએ. હાથ ઝાલીએ એનો અર્થ એ કે એકબીજાનું માહાત્મ્ય સમજીએ. તો દોષ ના દેખાય. કોઈના અમહિમાનો વિચાર ન કરીએ તે માહાત્મ્ય સમજ્યા. કર્તાહર્તા પપ્પાજી છે. કરનારો ઉત્તમ હોય તેની કારીગરીમાં કાંઈ ઉણપ ન હોય.

અત્યારે બધા વ્રતધારી બેઠા છે. રાત-દિવસ



જાગતા, ઊંઘતા વિચાર રાખવો કે 'હું વ્રતધારી છું.' એક તો વફાદારી, કોઈનું જોવાનું નહીં. એ જ કર્તાહર્તા. વ્રત લીધું તે પાળીએ. વ્રતને વફાદાર રહેવું. સ્વધર્મ ન ચૂકીએ. આચારસંહિતામાં આપ્યું છે. લીધેલા વ્રતને વફાદાર રહી અને સિદ્ધ કરી લઈએ. આપણા જીવનમાં સાકાર કરવું છે. બળના દેનારા પપ્પાજી છે. પળેપળ એમને રાખીને સિદ્ધ કરી લઈએ. સંભારીએ ત્યાં હાજર થઈ જાય છે. પ્રસંગ યોજવા, બળ આપવા તેમાંથી પસાર કરવા હાજરાહજુર છે. એ કહે તેમ કરનારા છે. એમની પાસે બધું કામ કરાવી લેવાનું.

## ભાઈબીજની મિલનસભા

સ્થાનિક ભક્તોને નૂતનવર્ષ અને ભાઈબીજની સભામાં આમંત્રિત કર્યા હતા. એ સ્વરૂપોની કૃપાનો આભાર માનતા સૌ ભક્તો આજે બે વર્ષ પછી અંતરના આલોચથી આ મહાતીર્થના દર્શને દિવ્યભાવે પધાર્યા હતા. આવા પ્રગટ પ્રભુના સંબંધવાળા મુક્તો એકમેક સાથે મહિમાથી જોડાયેલા ને તેમની પ્રાર્થનાથી સેવાયેલા તેવા આ માંગલિક પ્રસંગો આપણા માટે આનંદના પર્વો. એવા આ પવિત્ર સંબંધને નિહાળતા હરિભક્તોનો બહેનો ખૂબ આભાર માનતા રહ્યા. ને અંતરપ્રાર્થના વહેતી રહી કે વિ.સં.૨૦૭૮ તન, મનની નિરામયતા સાથે પસાર થાય આ દિવ્ય મિલનના ભાવથી સૌ ભક્તોએ ઊભા થઈને યથાસ્થાનેથી પંચાગે પ્રણામ કરી વંદના કરી.



ભાઈબીજ નિમિત્તે સમગ્ર સમાજ વતી પૂ.કિશોરકાકા અને પૂ.વીણાકાકીએ ગુરુહરિને હાર અને ગુરુસ્વરૂપોને પૂ.સોનલબેન શાહે પુષ્પ અર્પણ કર્યા. વડીલ સ્વરૂપોને પૂ.ભાવનાબેન શેઠે પુષ્પ અર્પણ કર્યા. મહિમા પ્રાર્થનાની ગોષ્ટિ બાદ સ્વરૂપોના આશિષ લીધા તે માણીએ.

**પૂ.ડૉ.વીણાબેન :** શ્રીજી મહારાજે, પપ્પાજીએ કૃપા કરી કે આપણે આ સંજોગોમાં ભાઈ-ભાભીઓને બોલાવી શક્યા. એ સૌને અમારા વંદન સાથે જય સ્વામિનારાયણ. પ્રકાશના ભાઈઓને તેમ જ સંતોના ચરણે પણ વંદન. પપ્પાજી કેવા કૃપાળુ કે ગૃહી-ત્યાગીનો મેળ રાખ્યા વિના અક્ષરધામના સુખ, શાંતિ, આનંદ બક્ષી રહ્યાં છે.



૨૦૨૦ની સાલથી દીદી અને બધા સ્વરૂપો એક જ વાતનું પ્રતિપાદન કરે છે કે આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે. તે માટે સૂઝ આપે છે, બળ આપે છે. તો પપ્પાજીની ને સ્વરૂપોની વીશ પૂરી કરીએ. બધા જ ભાઈ–ભાભીઓનું સમર્પણ જ્યોતને છે. તમે બધા ખરેખર એકાંતિક છો જ. જ્યોતનું અનુસંધાન સતત રાખો છો. પપ્પાજીએ ખરેખર ખૂબ સુખિયા કરી દીધા છે. પપ્પાજી હંમેશા કહેતા કે તમારા જેવા બધું છોડીને ભગવાનને અર્થે આવ્યા હોય તેની સેવા હું ઝંખુ છું. આપણી પાસે જે કંઈ છે. તે બધું જ અન્યોન્ય વાપરીએ છીએ. આપણો પરિવાર, ધન, મૂડી જે ગણો તે જ્યોત પરિવારના મુક્તો જ છે. આપણને સેવામાં ઉમંગ છે તેવો ને તેવો માલ મનાયેલો રહે. પપ્પાજીને જેવી ઈમેજ હતી તેવી સેવા આપણે સૌ કરી શકીએ ને સર્વે સ્વરૂપો આશીર્વાદ આપજો કે અમે પરમ ભાગવત સંત બનીએ ને એકાંતિક ધર્મ સિદ્ધ કરી શકીએ.

પૂ.પીયૂષભાઈ પનારા : આખા બ્રહ્માંડમાં ક્યાંય આવો સમાજ, પપ્પાજી મહારાજ જેવા સત્પુરુષ, આવા દિવ્ય બહેનો શોધવા જઈએ તો ય ના મળે. આવા મુક્તોનો સમાજ ક્યાંય ન મળે. જબરજસ્ત પ્રાપ્તિ મળી છે. બ્રહ્મનિયંત્રિત બ્રહ્મસમાજ એક એક ચૈતન્ય માટે પપ્પાજી પ્રસંગો રૂપે, વચન રૂપે હાજરાહજુર છે. આજે ભાઈબીજનો દિવસ. કેટલી બધી આ કૃપાવર્ષા પપ્પાજી મહારાજની થઈ રહી છે ! આ પપ્પાજી હોલ ડીવાઈન એનર્જીથી ભરપુર છે. અહીં એન્ટ્રી પડે ને પ્રગતિના માર્ગે પડી જઈએ. આપણો સમાજ આધ્યાત્મિક રીતે વિલસી રહ્યો છે. આ ઉંમરે નરસિંહ ફુવા પરમ ભાગવત સંતની જેમ જીવે છે. જ્યાં રહે ત્યાં દેહ આડો નથી આવતો. આપણા સ્વરૂપોની ઉંમર કેટલી બધી છે ! દેહને પણ બ્રહ્મસ્વરૂપે વર્તાવી શકે છે. આ બ્રહ્મસમાજમાં પડ્યા રહીએ. કોઈનું કાંઈ બગડવાનું નથી. દરેક સાધકના જીવનમાં જે કાંઈ બને છે તે સર્વોપરી છે જે બનશે તે પણ સર્વોપરી છે. સર્વોપરી ઉચ્ચ પ્રકારની સાધના થઈ રહી છે. ગરજુ થઈ સેવા કરીએ ને દિવ્યભાવ રાખી આનંદીએ. પપ્પાજી ને સ્વરૂપો બધું આપે જ છે. કાંઈ માગવાનું નથી.



પૂ.વિરેનભાઈ : પરાભક્તિની સૌરભ પુસ્તકની પ્રસ્તાવનામાં એક વાક્ય – પપ્પાજીએ એમની પ્રચંડ શક્તિ ખૂબ નાના રહેવામાં વાપરી. આપણા નાના સમાજના આ ઉત્થાન માટે વાપરી. પપ્પાજીએ દેહે કરીને આલોક છોડ્યો પણ આપણને એની શક્તિનો





અનુભવ વિશેષપણે થઈ રહ્યો છે. એવું અનુભવાય છે કે પપ્પાજી અત્યારે આ સ્વરૂપો દ્વારા પૂર્ણ પ્રકાશ્યા છે. તેમનામાં અતિ તેજ દેખાઈ રહ્યું છે. એમના સાંનિધ્યમાં આપણને અતિ સુખ અને શાંતિ મળે છે. એનાં દર્શને હૈયાં ઠરી રહ્યાં છે. આપણા અંતરને વિષે નિશ્ચિંતતા આ સ્વરૂપોએ અર્પી એ બહુ મોટી વસ્તુ છે. આ મોટેરાની પ્રચંડ શક્તિ આપણું રખોપુ કરે છે. આજ સુધીના ઈતિહાસમાં એવું નથી કે પપ્પાજીએ કોઈને અસંતોષ આપ્યો હોય, આશ અધુરી રહી હોય. એ અપાર કૃપા. કશું જ કરવાનું ના રહ્યું. પાછુ વળીને જોઈએ તો થાય કે પહેલા કેવા હતા? ને અત્યારે કેવા માહાત્મ્યમાં રહેતા થયા ! એકધારો પ્રેમ વહાવીને આપણામાં ઉગાડ્યું. સુખિયા કર્યા છે ને વધુ કરતા રહેવાના છે. આપણે આનંદમાં રહીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** સભામાંથી ખૂબ બળભરી વાતો મળે છે. વિરેનભાઈ ચોવીસ કલાક પપ્પાજીના અંતરમાં વસી ગયેલા છે. સુરત મંડળનું રખોપું કરે છે. એ મંડળ ગરજુ થઈને સેવા કરે છે તો અક્ષરધામનું સુખ ભોગવે છે. અત્યારે બહાર તો કેવા દેશકાળ છે ! પણ જ્યોતનું આપણું આખું કુટુંબ ભેગું થઈ ગયું. જેને પપ્પાજી, બહેનો, સંતો સિવાય બીજું કાંઈ હૈયામાં છે જ નહીં. સૌના હૈયે આનંદ છે. આવો ને આવો દિવ્ય આનંદ કરતા જ રહીએ. આપણા માટે પપ્પાજીએ અક્ષરધામ ઘરોઘર ઉભું કર્યુ છે. અંદરોઅંદર સંપ, સુહૃદભાવ, એકતાથી જીવન જીવે છે. પપ્પાજીની વીશ છે કે આપણે બધા પરમ ભાગવત સંત બની જઈએ એ પૂરી કરવી છે. કારણ કે પપ્પાજી આપણા માટે ખૂબ ભીડો વેઠીને ૯૦ વર્ષ આ પૃથ્વી પર રહ્યા. એમણે જે શિબિર કરી, પર્યટન



કર્યા, ઘરે આવ્યા, થાળ જમ્યા. છતીદેહે પૃથ્વી પર પધાર્યા. તેમની જોડે આપણો સંબંધ થયો. તેમનો એક જ સંકલ્પ છે કે બધા પરમ ભાગવત સંત બનીએ. તો એમના બળે આપણું વહાણ તરતું મૂકી દઈએ. તો હે પપ્પાજી ! ખૂબ ખૂબ બળ આપો કે તમારી વીશ પૂરી કરી શકીએ એવા દીદી, જસુબેન આશીર્વાદ આપે.

એમના બળે નમવું પડે, ખમવું પડે તો ખમીએ. પપ્પાજી કેટલીય મુશ્કેલીમાંથી પસાર થયા. બીમારી, અપમાનો, કેસ થયો તો ય હૈયું ટાઢું રહ્યું. ત્યારે ખ્યાલ આવે કે આલોકના કોઈ પ્રસંગ તેમને અડતા નથી. આપણે પણ પ્રસંગ આવી રીતે પસાર કરીએ. પપ્પાજી ખૂબ ખૂબ બળ આપે સૌને સુખી સુખી કરે એ જ એમના ચરણે પ્રાર્થના.

ત્યાર બાદ પ.પૂ.દીદી રચિત 'ભાઈબીજ આજે પપ્પાજી મહારાજે...' એ ભજનમાં સૌ લીન થયાં.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આજે તો જીવનનો ધન્ય દિવસ. બધાનાં દર્શન થયાં. દર્શનનો પણ એક પ્રતાપ છે. આપણને વિમુખ કર્યા ત્યારે ભાઈઓને પણ વિમુખ કર્યા. પપ્પાજીના વચને ટકી રહ્યા. એક દિવસ પપ્પાજી કહે કે નવા વર્ષના બીજે દિવસે ભાઈબીજ હોય. ભાઈઓ બહેનોના ઘરે જમવા જાય. આપણા બધા ભાઈઓ ને અમે એમનાં બહેનો છીએ. પપ્પાજીએ કહ્યું કે, ભાઈબીજ સરસ ઉજવો. સમાજ ખૂબ નાનો. ભાઈઓ માટે સરસ આસન બનાવતા. પાટલા પર રંગોળી કરતા. ફૂલ ગોઠવતા. જમવામાં પણ શ્રીખંડ, ખમણ, પાન વગેરે કરતાં. આમ ભાઈબીજ ઉજવવાની શરૂ થઈ.



સમર્થ પપ્પાજી દ્વારા જ આવું થઈ શકે. આપણે બધા પપ્પાજીના સંબંધવાળા છીએ. પ્રિતમના સગા જ આપણા વહાલા હોય ને ! આ સમાજ પપ્પાજીનો છે તો એના માટે શું ના થાય ? ખરેખર તો તમે અંતરથી સાથે જ હતા. દૂર નહોતા લાગતા. આપણે



બધા એકબીજાને યાદ કરીએ તો દૂર ક્યાં રહ્યું ?

મારા વહાલા ભાઈ-ભાભીઓ આપણે પપ્પાજીનું ભવિષ્ય છીએ. પપ્પાજીએ ગરજુ થઈ સેવા કરો એ બ્રહ્મસૂત્ર આપ્યું. તે જીવનમાં રાખવું છે. આપણે રોજ નવું વર્ષ. સવાર પડે ને પ્રાર્થના કરીએ. મારો નવો દિવસ. જે કંઈ કરીએ તે પપ્પાજીની પ્રસન્નતા માટે કરીએ. આજ સુધી પપ્પાજીએ આપણને રાજી કર્યા હવે આપણે એમને રાજી કરી લઈએ. આજથી શરૂ થતું નવું વર્ષ છેલ્લા દિવસ સુધી નવું જ લાગે. ધ્યેય સિદ્ધ થતું લાગે. એકાંતિક ધર્મ સિદ્ધ કરવા નમવું ખમવું આપણે જ પડે. આપણને ભગવાન મળ્યા એટલે કાંઈ કરવાનું જ ન હોય. પ્રભુની પ્રાપ્તિ એ જ પૂર્ણતા. એમનું રક્ષા કવચ ચારેકોર છે. એમાં આપણે સલામત છીએ. એનો આનંદ કર્યા કરવો છે. પપ્પાજી આપણને સતત જાગ્રત રાખે છે, બળ આપે છે. પોતે આનંદ સ્વરૂપ હતા. એટલે સતત ફુલારો રાખવો. આનંદ કરવો છે. તો રોગ આપણને થશે જ નહીં. આપ સર્વેને ભાઈબીજના જય સ્વામિનારાયણ.

**આશીર્વાદ ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આજે ભાઈબીજનો સમૈયો. ધામ, ધામી, મુક્તોની સેવા કરો. નિર્દોષબુદ્ધિ રાખો. સંબંધવાળાનો અભાવ નહીં લેવાનો. મનમાંથી કાઢી જ નાખવો. સ્વામિનારાયણના સંબંધવાળા પ્રગતિ કરતા ચૈતન્યો છે તેમ માનીએ. ને માનીએ કે ઝાડ, પાન, પશુ, પક્ષીને ચાર પાંચ જન્મે અક્ષરધામ. ને માણસને આ જન્મે જ અક્ષરધામ.



આપણને પ્રાપ્તિ થઈ છે. તો સૌને પ્રગતિ કરતું ચૈતન્ય માનીએ. જ્યારે ત્યારે માનીશું ત્યારે આપણે અક્ષરધામની સમાધિમાં રહેતા થઈ જઈશું. અક્ષરધામ આકાશમાં લેવા જવાનું નથી. અહીં જ છે તે છે. આપણું રૂંવાડે રૂંવાડુ અક્ષરધામરૂપ બની જાય. પ્રાપ્તિનો કેફ અખંડ રહ્યા એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

અંતમાં દિપાલવીના મિલન અવસરની સ્મૃતિનો પ્રસાદ માણતાં માણતાં ઠાકોરજીના અન્નકોટ દર્શને ભાઈઓ પ્રભુકૃપામાં અને બહેનો મંદિરમાં પધાર્યા. થાળ ગવાયા ને પ્રભુ જમ્યાનો ધરવાટ થયો. પ્રત્યક્ષભાવે મુક્તોમાં રહી સૌએ મહાપ્રસાદ લીધા અને આનંદપૂર્વક વિદાય લીધી. ધન્ય વિ.સં.૨૦૭૮ની સાલ સૌને સર્વ પ્રકારના અક્ષરધામનાં સુખ, શાંતિ અર્પે. સર્વ સ્વરૂપો, મુક્તો નિરામય રહે, અમ સૌની ધ્યેય તરફ નજર રહે તેવી શક્તિ ને સમતા બક્ષે.

## નિર્ણય

★ એકાદશી :
કારતક વદ-૧૧, મંગળવાર, તા.૩૦.૧૧.૨૦૨૧

★ પ.પૂ.જસુબેનનો સ્વરૂપાનુભૂતિદિન :
રવિવાર, તા.૫.૧૨.૨૦૨૧

★ એકાદશી :
માગશર સુદ-૧૧, મંગળવાર, તા.૧૪.૧૨.૨૦૨૧

## તા.૯.૧૧.૨૦૨૧ – લાભપાંચમે સંત સ્વરૂપોના હૃદયોર્મિ સહ સ્વાગત

પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજી દિવાળી ઉત્સવો બાદ વર્ષોવર્ષ વિદ્યાનગર ગુરુહરિ પપ્પાજીના દર્શન, આશિષ માટે પધારતા. એ સ્મૃતિ સહ આજના મંગલદિને પ.પૂ.પ્રેમસ્વરૂપ સ્વામીજી, પ.પૂ.પ્રબોધજીવન સ્વામીજી, પ.પૂ. ત્યાગવલ્લભ સ્વામીજી, પ.પૂ.સંતવલ્લભ સ્વામીજી અને સંતો તથા પૂ.અશોકભાઈ, પૂ.પવિત્રભાઈ અને સહિષ્ણુ ભાઈઓ, ગુણાતીત જ્યોત પ્રભુકૃપા ધામે, ગુરુહરિ પપ્પાજીના દર્શન અને આશિષ માટે, સાંજના ૪:૩૦ વાગ્યા પછી પધાર્યા. તેઓનું હૃદયના ભાવથી પુષ્પપાંદડીઓની વૃષ્ટિથી સ્વાગત કર્યું. ત્યારબાદ ગુરુહરિ પપ્પાજીના આસન પાસે સૌ સ્વરૂપો, સંતો, સહિષ્ણુ ભાઈઓ બિરાજ્યા. હાર – પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા. પ.પૂ.દીદીએ ગુરુહરિ પપ્પાજીના સ્વહસ્તે આલેખાયેલું પ.પૂ.પ્રેમસ્વરૂપ સ્વામીજીનું માહાત્મ્ય અને આશિષનો પત્ર સુંદર રીતે તૈયાર કરાવડાવ્યો હતો તે અર્પણ કરી વાંચન કર્યું. પ.પૂ.પ્રેમસ્વરૂપ સ્વામીજીએ પ્રાર્થનાઓ ગુરુહરિ પપ્પાજીના ચરણે ધરી. ત્યારબાદ ગુણાતીત તીર્થના દર્શન, પ્રદક્ષિણા કરી, અલ્પાહાર કર્યો. ત્યારબાદ બ્રહ્મજ્યોતિ જવા માટે પ્રસ્થાન કર્યું.

ત્યાંના કાર્યક્રમ બાદ સૌ પપ્પાજી તીર્થ શાશ્વત ધામે પધાર્યા. ત્યાં પૂ.આચાર્યસ્વામીએ હાર અર્પણ કરી સ્વાગત કર્યું. સૌએ સમાધિસ્થાને પ્રાર્થના, પ્રદક્ષિણા કરી, ઠંડા પ્રસાદનો ભાવ ગ્રહણ કરી હરિધામ જવા પ્રસ્થાન કર્યું.








**પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...**

**★ અમદાવાદના પૂ.અજીતભાઈ નાગરદાસ પરમાર (મિસ્ત્રી) તા.૨.૧૧.૨૦૨૧ અક્ષરનિવાસી થયા છે.**

પૂ.અજીતભાઈ એટલે પૂ.રેખાબેન મિસ્ત્રીનાં મોટા ભાઈ અને પૂ.લલિતાબેન નાગરદાસ મિસ્ત્રીના પુત્ર થાય.

અમદાવાદ જ્યોતમાં પૂ.ઈંદુબેનના તેઓ અમીદષ્ટિવાળા મુક્તરાજ હતા. નાનપણથી તેઓની દૈહિક સ્થિતિ સારી ન હોવાથી ઘરે જ રહેતા. અમદાવાદ મંડળની રવિવારની ભાઈઓની સભામાં પધારતા. ગુરુહરિ પપ્પાજી મહારાજની કૃપાદષ્ટિ તેમના પર અખંડ હતી. તેથી તેઓ પ્રભુભજન સ્વામિનારાયણ મંત્ર જાપ, ભક્તોની સ્મૃતિઓ અને ગુણાતીત જ્યોતનાં ભજનોમાં નિરંતર રચ્યાપચ્યા રહેતા. 'સર્વોપરી તું પ્રત્યક્ષ પ્રભુ....' એ તેમનું પ્રિય ભજન. રવિવારની સભામાં પોતાના બુલંદ પહાડી સ્વરમાં આ ભજન તેઓ ઘણીવાર ગાતા અને અન્ય સભાજનો પ્રત્યક્ષની સ્મૃતિમાં લીન થતા. તેવો ભાવ તેમના ભજનમાં અને ભજનની તલ્લીનતામાં હતો.

છેલ્લા ઘણા સમયથી તેઓ બીમાર હતા અને એ બીમારીમાં ગુરુહરિ પપ્પાજી મહારાજ, પૂ.ઈંદુબેન અને ભક્તોની સ્મૃતિ કરતા થકા અક્ષરધામમાં બિરાજી ગયા. કુટુંબીજનોએ તેમની ખૂબ સેવા કરી છે. તેઓને ગુરુજનો ખૂબ બળ અર્પે. અને અજીતભાઈ જેવાં ભક્તિમાં તલ્લીન થવાનો ગુણવારસો આપણામાં આવે તેવી અભ્યર્થના સહ અશ્રુભીની વિદાય અને શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ.

**★ લેસ્ટર નિવાસી પરમ ભક્તરાજ પૂ.રમણીકભાઈ સૂચક તા.૧૫.૧૧.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.રમણીકભાઈના ધર્મપત્ની પૂ.લીલાબેનને આફ્રિકામાં બુલોપા ગામે પૂ.વલ્લભભાઈ સાકરિયા થકી પ.પૂ.બેનની



ઓળખાણ થઈ અને સ્વામિનારાયણ સત્સંગ હતો. પૂ.રમણીકભાઈ તેમના ધર્મપત્ની પૂ.લીલાબેન થકી સત્સંગમાં આવ્યા. ને ઈ.સ.૧૯૭૬માં પ.પૂ.બેન લંડન પધાર્યા તે વખતે તેમને ફરી સત્સંગ તાજો થયો. પૂ.રમણીકભાઈ લંડનના દરેક સમૈયાનો લાભ લેતા. અને સભા પૂરી થયા બાદ રસોડામાં પીરસવાની સેવામાં પણ જતાં. તેઓની પ્રકૃતિ ખૂબ શાંત અને સરળ હતી. તેમનો સ્વભાવ પણ ખૂબ મળતાવડો હતો. તેમના કુટુંબીજનો સાથે અને સત્સંગના સૌ હરિભક્તો સાથે ખૂબ રસબસતાથી, આત્મીયતાથી અને માહાત્મ્યથી જીવન જીવતા.

લેસ્ટરમાં પૂ.વિઠલાણી સાહેબના ઘરે દર રવિવારે સભા થતી તેમાં પણ પૂ.રમણીકભાઈની હાજરી હોય જ. પૂ.વિઠલાણી સાહેબ સાથે ખૂબ આત્મીયતા અને બંધુમિત્રના ભાવે તેઓ રહેતા.

પૂ.રમણીકભાઈની ઉંમરને લીધે બે-ત્રણ વર્ષથી તબિયત નરમ-ગરમ રહેતી. તો પણ તેઓ સભાના દિવસે ફોન કરી પોતાની હાજરી આપી જ દેતા. ખરેખર, પૂ.રમણીકભાઈ છૂપી ભક્તિ અને સેવાથી પુણ્યની કમાણી કરીને ગયા. તેમની દીકરી પૂ.નિમિષાબેને રમણીકભાઈની ખૂબ સેવા કરી ને પુણ્યની કમાણી કરી. આવા આત્મીય સ્વજન પૂ.રમણીકભાઈના આત્માને ગુરુહરિ પપ્પાજી અને દિવ્ય બેન ખૂબ શાંતિ અર્પે ને તેમના કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી પ્રાર્થના.

**★ દહીંસર - મુંબઈના પૂ.કામિનીબેન સુરેશભાઈ પટેલ તા.૧૭.૧૧.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**

જૂના સત્સંગી પૂ.ગંગાબેન કાનજીભાઈ પટેલના



પુત્ર પૂ.સુરેશભાઈ પટેલના તેઓ ધર્મપત્ની થાય. સુરેશભાઈ તો નાનપણથી જ સ્વામિનારાયણ ધર્મના સંસ્કારમાં જ જીવ્યા. ધંધા માટે મુંબઈ ગયા. ત્યાં પૂ.સુરેશભાઈ ગાંધી (ગુણાતીત પ્રકાશ) સાથે આત્મબુદ્ધિ રાખી સત્સંગમાં સંપૂર્ણ ભળ્યા. અવારનવાર ભાઈઓને તેમના ઘરે મહાપૂજા તથા સભા કરવા બોલાવતા અને કામિનીબેન ભાવથી ભાઈઓને જમાડતાં. એ રીતે કામિનીબેને પૂરેપૂરો સાથ આપીને સેવા-ભક્તિ કરી પુણ્યની કમાણી કરી. પ.પૂ.જ્યોતિબેન તથા પૂ.મધુબેનને પહેલેથી ગુરુ તરીકે સ્વીકાર્યા હતાં. બંને દીકરીઓ પૂ.ઝૂલી તથા પૂ.પ્રિયાને પણ સત્સંગના સંસ્કાર આપ્યા.

ગુરુહરિ પપ્પાજી મહારાજ તેમના ચરણોમાં સ્થાન આપે ને તેમના કુટુંબીજનોને ખૂબ બળ આપે એવી પ્રાર્થના સહ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.





અન્નકૂટ દર્શન...



શાકોત્સવ દર્શન...

To,

**RNI NEW DELHI NO : 20485/71**
**PO REGD NO : G-AND-336/2019-21**
**Lic Valid Upto: 31.12.2021**
**DATE OF PUBLICATION :**
**21st of every month**
**DATE OF POSTING :**
**21st of every month**
**PLACE OF PUBLICATION (POSTED AT) :**
**Vallabh Vidyanagar MDG 388120**



**પ્રભુકૃપા તીર્થધામનાં દર્શન...**

Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India